PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૨/ક્વા–૦૪/૧૭–૧૮/ 2667 તા. 28-3-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
મિતેષભાઈ દિનેશચંદ્ર શાહ,
C/O, શ્રી બાવીશી વે બ્રીજ
આજી જીઆઈડીસી મેઈન રોડ,
રાજકોટ–૩૬૦૦૦૩
મો: ૯૪૨૬૮ ૧૭૬૮૯

વિષય :–નવા ખેતીવાડી વીજ જોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૦–૦૨–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૨/ક્વા–૦૪/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, રોણકી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૪૨/કવા–૦૪/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૨૧–૦૩–૧૮ સ્થળ : રાજકોટ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: મિતેષભાઈ દિનેશચંદ્ર શાહ, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે મુકેશભાઈ પુંજાભાઈ ખેર હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, રોણકી (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)

રજુઆત કરનાર :એમ.જે.લાલકીયા – કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ

## : હુકમ :

ફરીયાદ : નવા ખેતીવાડી વીજ જોડાણ બાબત

**મુદદા નં.–૧ :** પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | • અરજદાર જણાવે છે કે, તેઓની ખેતીવાડી ની માલીકી સર્વે નંબર: ૯૮/૧ /૨ પૈકી પરાપીપળીયા ગામે ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે તા.૧૧–૦૭–૨૦૦૮ ના રોજ માધાપર પેટા વિભાગીય કચેરી મા રૂ.૨૦૦/– પહોચનં.: ૭૯૯૭૪ થી ભરપાઈ કરેલ. જે અરજીમા – પત્ર વ્યહવાર નુ સરનામુ ગામ: પરાપીપળીયા નુ બતાવેલ હતુ. સદર જગ્યાએથી અરજદાર સાત વર્ષ થી વ્યવસાય અર્થે અમદાવાદ શીફટ થયેલ હોય – સંજોગાવસાત અમદાવાદ થી તેઓના ગામ: પરાપીપળીયા ખાતે – તેઓના ભાઈઆતે તેમને પીજીવીસીએલ ની ૦૨ ટપાલો આપેલ. જેમા જણાવેલ હતુ કે – તેઓની માંગણી મુજબ ના જગ્યા ના દસ્તાવેજીક પેપર્સ રજુ કરવા – જેથી વીજ જોડાણ આપવાની આગળ ની કાર્યવાહી કરી શકાય. જે અન્વયે પીજીવીસીએલ ની સબંધક માધાપર પેટા વિભાગીય કચેરી મા રૂબરૂ તપાસ કરતા – જણાવેલ કે – સદર અરજી – રોણકી પેટા વિભાગીય કચેરી મા તબ્દીલ કરી અપાયેલ છે. જેથી, રોણકી પેટા વિભાગીય કચેરી મા રૂબરૂ તપાસ કરતા જણાવેલ કે – તેઓને લેખીત મા ૦૩ નોટીસ અપાયેલ હતી – તેમ છતા જરૂરી દસ્તાવેજીક પેપર્સ રજુ કરેલ નથી. જેથી, અગ્રતાક્રમ મુજબ – અરજી ને રદબાતલ કરી ને આગળનુ વીજ જોડાણ આપવાની કાર્યવાહી કરેલ છે.<br>• અરજદાર શ્રી એ જણાવેલ કે ઘણા વર્ષો થી અમદાવાદ શીફટ થયેલ હોય – જેથી, સમયમર્યાદા મા દસ્તાવેજીક પેપર્સ રજુ કરેલ નથી. તેમજ જીવનનિર્વાહ અને જીવન જરૂરીયાત ખેતીવાડી પર આધારીત હોય – વીજ જોડાણ મેળવવા માટે ન્યાયિક માંગણી કરેલ છે. |

**મુદદા નં.–૨ :** પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર ની માલીકી ની ખેતીવાડી ની જમીન – સર્વે નંબર: ૯૮/૧ પૈકી ૨ માં – પરાપીપળીયા ગામે ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે તા.૧૧–૦૭–૨૦૦૮ ના રોજ જરૂરી રજીસ્ટ્રેશન ચાર્જીસ ભરપાઈ કરીને નોંધણી જે તે સમયે માધાપર પેટા વિભાગીય કચેરી હેઠળ કરેલ. ત્યારબાદ સદર વિસ્તાર રોણકી પેટા વિભાગીય કચેરી મા તબ્દીલ કરી અપાયેલ છે. અરજદાર ની સદર અરજી ની કેઈસ ફાઈલ હાલ મા રોણકી પેટા વિભાગીય કચેરી ખાતે ઉપલબ્ધ નથી. તેમજ ખેતીવાડી ના જી.પી. રજીસ્ટર મા થયેલ એન્ટ્રી ના આધારે જણાવાયેલ છે કે – અરજદાર ની નવા |

| | |
|---|---|
| | ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ના જરૂરી દસ્તાવેજીક પેપર્સ રજુ કરવા માટે – રોણકી પેટા વિભાગીય કચેરી તરફથી પત્રો ક્રમશઃ તા.૦૬–૦૬–૧૪, તા.૦૬–૦૭–૧૪ અને તા.૦૯–૦૯–૧૪ થી જાણકારી અપાયેલ હતી. ત્યારબાદ, પત્ર તા.૧૮–૧૨–૧૪ થી જરૂરી દસ્તાવેજીક પેપર્સ અરજદાર દ્વારા રજુ ન થતા અરજી રદબાતલ કરવા અંગેની જાણકારી અરજદાર ને અપાયેલ. આમ, અરજદારે એ–૧ ફોર્મ મા આપેલ સરનામા મુજબ – દસ્તાવેજીક પુરાવા રજુ કરવા માટે ની નોટીસ આપેલ હોવા છતા – અરજદાર દ્વારા જરૂરી કાર્યવાહી ન થતા – તેમજ અરજી રદબાતલ થયેલ હોય – અરજદાર ને વીજ જોડાણ આપવા માટે ની જરૂરી કાર્યવાહી કરી શકાયેલ નથી. |
| **૨.૨** | ઉપરોકત સદર બાબતે – વધુમા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ મૌખિક રજુઆત મુજબ – અરજદાર શ્રી અમદાવાદ શીફટ થયા હોય – જેથી, પીજીવીસીએલ દ્વારા કરાયેલ પત્ર વ્યહવાર મુજબ – યોગ્ય કાર્યવાહી અરજદાર દ્વારા થયેલ નથી.જેથી, કુદરતી ન્યાય મુજબ અરજદાર ને ખેતીવાડી વીજજોડાણ આપવા તૈયાર છે. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.ર હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | • અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની રજુઆત તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે ની જાણકારી અન્વયે – અરજદાર શ્રી દ્વારા તેઓની ખેતીવાડી વિષયક વીજજોડાણ મેળવવા માટે તા.૧૧–૦૭–૨૦૦૮ ના રોજ પીજીવીસીએલ ની માધાપર પેટા વિભાગીય કચેરી માં અરજી ની નોંધણી કરાવેલ. સદર અરજદાર ની કેઈસ ફાઈલ નો રેકર્ડ પીજીવીસીએલ ની સબંધક કચેરી મા ઉપલબ્ધ નથી. પરંતુ, જીપી રજીસ્ટર મા થયેલ નોંધ ના આધારે કરાયેલ લેખીત રજુઆત અન્વયે – અરજદાર શ્રી ની અરજી નો અગ્રતાક્રમ મુજબ વારો આવતા– પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા અદ્યતન દસ્તાવેજીક પેપર્સ રજુ કરવા માટે અરજદાર ને ૦૩ પત્રો દ્વારા – તેમજ આખરી નોટીસ તા.૧૮–૧૨–૧૪ થી આપવા છતા – અરજદાર દ્વારા કોઈ કાર્યવાહી કરાયેલ નથી. જેથી, સદર અરજી ને રદબાતલ કરાયેલ.<br>• અરજદાર ની રજુઆત મુજબ – તેઓ તેઓ છેલ્લા ૦૭ વર્ષથી વ્યવસાય અર્થે અમદાવાદ શીફટ થયેલ હોય – જેથી અરજી મા દર્શાવેલ પત્ર વ્યહવાર ના સરનામે પીજીવીસીએલ દ્વારા અપાયેલ પત્રો ના અરજદાર દ્વારા સમયમર્યાદા મા પ્રત્યુતર અપાયેલ નથી. તેમજ, અરજદાર દ્વારા અરજી મા બતાવેલ પત્ર વ્યહવાર નુ સરનામુ સુધારવા બાબતે ની કાર્યવાહી કરાયેલ નથી.<br>• અરજદાર ના જણાવ્યા મુજબ – એક ખેડુત તરીકે જીવનનિર્વાહ અને જીવન જરૂરીયાત ખેતીવાડી પર આધારીત હોય – વીજ જોડાણ મેળવવા માટે ન્યાયિક માંગણી કરેલ છે. તેમજ, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ મૌખિક રજુઆત અનુસાર – અરજદાર શ્રી ને ખેતીવાડી વિષયક નવુ વીજજોડાણ આપવાની નિયમાધીન કાર્યવાહી કરવા તૈયાર હોય – કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ અરજદાર ને ખેતીવાડી વીજજોડાણ આપવા તૈયાર છે. |
| **૩.૨** | • ઉપરોકત મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, ખાસ કિસ્સામાં કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ અરજદાર શ્રી ની અરજી મુજબ – નવુ ખેતીવાડી વિષયક વીજજોડાણ આપવા બાબતે માત્ર એક તક આપવા માટે પીજીવીસીએલ પક્ષકારે નિયમાધીન કાર્યવાહી કરવી – તે બાબતે જાણકારી આપવા માટે નો સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૩** | • તેમજ અરજદાર પક્ષકાર ને પણ સાથો સાથ જાણકારી આપવામા આવે છે કે – તેઓની સદર ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી ના અનુસંધાને નુ હાલ નુ તેઓનુ પત્ર વ્યહવાર નુ સરનામુ સુધારવા માટે પીજીવીસીએલ ની સબંધક કચેરી મા – સદર પત્ર મળ્યેથી દિન–૧૦ મા અચૂકપણે લેખીત અરજી રજુ કરવાની રહેશે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧, ૩.૨ અને ૩.૩ મુજબ ની વિગતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**ગેરહાજર**
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.